ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત


# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org


<u>**અખબારી યાદી**</u>

તા:૧૭/૦૬/૨૦૧૬

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**

**...............................,**

**ભાવનગર.**

<u>કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સંચાલીત ક્રિએટીવ કેમેસ્ટ્રી કલબના સભ્યો માટે</u>

## નિરમા પ્રાઈવેટ લીમીટેડની મુલાકાતનું થનાર આયોજન.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર છેલ્લા ૧૪ વર્ષથી ભાવનગર શહેર તથા જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓ, કોલેજો, વિવિધ મહિલા મંડળો તથા ખેડુતો માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા વિકસતા વિજ્ઞાનની સમજુતિ સાથે વૈજ્ઞાનિક અભીગમ કેળવાય તેવા સતત પ્રયત્નો કરી રહયું છે.

જેના અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સંચાલીત ક્રિએટીવ કેમેસ્ટ્રી કલબના સભ્યો માટે **તા. ૧૯ જુન, ૨૦૧૬ને રવિવાર**ના રોજ સવારનાં ૮:૦૦ કલાક થી સાંજનાં ૫:૦૦ કલાક દરમ્યાન ભાવનગર ખાતે આવેલ વિશ્વમાં સાબુનાં ઉત્પાદનમાં અગ્રેસર એવી નિરમા પ્રાઈવેટ લીમીટેડ, કાળાતળાવ, ભાવનગરની મુલાકાતનું આયોજન થનાર છે. નિરમામાં ગ્રાહકો અને વિક્રેતાઓને ધ્યાનમાં રાખીને અલગ અલગ ઘણી બધી પ્રોડકટસનું ઉત્પાદન કરવામાં આવે છે. મુલાકાત દરમ્યાન ક્રિએટીવ કેમેસ્ટ્રી કલબના સભ્યોને નિરમાના વિવિધ પ્રોડકશન પ્લાન્ટની વિગતવાર સમજુતી સાથેની માહિતી આપવામાં આવશે.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.